



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૭ | ૧૮ મે, ૨૦૨૧, મંગળવાર; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાતના દરિયાકાંઠે ‘તાઉ તે’ ટકરાયું

**પોરબંદર-મહુવા વચ્ચે રાત્રે ૮.૩૫ કલાકે તાઉ તે ટકરાયું : ૪ કલાક સુધી સમગ્ર વિસ્તારમાં તોફાની પવન અને ભારે વરસાદ : ગાંધીનગર, અમદાવાદ સહિત ગુજરાતભરમાં તોફાની પવન સાથે ભારે વરસાદના ઝાપટા : સેંકડો વૃક્ષો ધરાશયી : મુખ્યમંત્રીની સતત વાવાઝોડા મામલે કંટ્રોલરૂમથી દેખરેખ**









ગાંધીનગર, તા.૧૭

મોડીરાત્રે ૮.૩૫ કલાકે પોરબંદર અને મહુવા વચ્ચેના દરિયાકાંઠે વાવાઝોડું ‘તાઉ તે’ ટકરાયું હતું. ૧૮૦થી ૧૯૦ કિલોમીટરની ઝડપે વાવાઝોડું ફુંકાઈ રહ્યું છે. જેની અસર ભાવનગર, ગીરસોમનાથ, મહુવા, અમરેલી, જાફરાબાદ સહિત સમગ્ર કાંઠે દરિયો ભારે તોફાની બન્યો છે. ભારેથી અતિભારે વરસાદ સૌરાષ્ટ્રના કાંઠા વિસ્તાર સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વરસી રહ્યો છે. રાત્રે ૮-૩૦ વાગ્યાથી ગાંધીનગર અમદાવાદ સહિત ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં તોફાની પવન સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે. જે રાત્રે ૧ વાગ્યા સુધી રહેશે એમ હવામાન વિભાગના સૂત્રોનું માનવું છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાત્રે ૮ વાગ્યે સમગ્ર સ્થિતિની સમીક્ષા માટે કંટ્રોલરૂમ પહોંચ્યા હતા. જ્યાં પળેપળની માહિતી મેળવતા હતા અને અધિકારીઓ, જિલ્લા કલેક્ટરોને તાકિદના પગલા માટે સુચનાઓ આપતા હતા. મુખ્યમંત્રીએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, વહીવટી તંત્રના આગોતરા આયોજનને કારણે વાવાઝોડાથી એકપણ નાગરિકનું મૃત્યુ નહીં થાય અને બને એટલું નુકસાન પણ ટાળવા તંત્ર મક્કમ છે. દોઢ લાખથી વધુ નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર કરતાં જાનહાનિ ટાળી શકાઈ છે. રૂપાણીએ ઉમેર્યું હતું કે, કોવીડ હોસ્પિટલમાં વીજ પુરવઠો ના ખોરવાય તેના માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરાઈ છે. સમગ્ર સ્થિતિ પર સરકાર અને તંત્ર દ્વારા સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

## મુંબઈમાં ‘તાઉ તે’થી તબાહી : દેશમાં ૮નાં મોત

મુંબઈ, તા. ૧૭

ચક્રવાત તૌકતે. વાવાઝોડાનાં કારણે સોમવારે મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જોરદાર પવનને કારણે સેંકડો વૃક્ષો ઉમટ્યા હતા અને ઘણી જગ્યાએ પડી ગયા હતા. દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વાવાઝોડાને લગતી પરિસ્થિતિ અંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે વાતચીત કરી હતી. મુંબઈમાં વરસાદને કારણે લોકોને પાણી ભરાવાને લીધે ચાલતા-જતામાં મુશ્કેલી પડી રહી છે. ભારે વરસાદ અને પવનને કારણે મુંબઈના શિવસેના ભવન પાસે ઝાડ અને વીજળીના થાંભલા ઉખડી ગયા હતા. દરમિયાન, મુંબઈ એરપોર્ટ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. એનસીપી નેતા નવાબ મલિકે કહ્યું કે મહારાષ્ટ્ર સરકાર છેલ્લા ત્રણ દિવસથી વાવાઝોડાને લઈને સાવધ છે. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન ૨૪ કલાક કામ કરી રહ્યું છે. તમામ જિલ્લાઓને જાગ્રત રહેવા આદેશ કરાયો છે. સતત વરસાદ પડી રહ્યો છે અને જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે. બીકેસીનું કોવિડ સેન્ટર અસ્થાયી રૂપે બંધ કરાયું છે. ૧૯૩ દર્દીઓ જેમાંથી ૭૩ દર્દીઓ આઈસીયુમાં હતા તેઓને વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. આ પહેલા રવિવારે, ભારે પવનને કારણે ઝૂંપડા પર ઝાડ પડતાં બે બહેનોનું મોત નીપજ્યું હતું.

## દેશમાં નવા ૨.૮૧ લાખ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૭

ભારતમાં કોરોના વાયરસના કેસનો આંકડો ૨૫ દિવસ પછી ૩ લાખની નીચે નોંધાયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સોમવારે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૨,૮૧,૩૮૬ કેસ નોંધાયા છે. ૨૨મી એપ્રિલના રોજ પહેલીવાર ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના કેસનો આંકડો ૩ લાખને પાર ગયો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા ૨૪ કલાકના આંકડા પ્રમાણે દેશમાં વધુ ૪,૧૦૬ લોકોના કોરોનાના કારણે મોત થયા છે. જેની સામે વધુ ૩,૭૮,૭૪૧ દર્દીઓ સાજા થયા છે. એટલે કે નવા કેસ અને સાજા થયેલા દર્દીઓ વચ્ચે ૯૭,૦૦૦ કરતા વધુનું અંતર છે.

ભારતમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૨,૪૯,૬૫,૪૬૩ થઈ ગયો છે જેની સામે ૨,૧૧,૭૪,૦૭૬ દર્દીઓ સાજા થયા ગઈ ગયા છે અને ૨,૭૪,૩૯૦ દર્દીઓના કોરોનાના લીધે મોત થઈ ગયા છે. દેશમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધતા એક્ટિવ કેસની સંખ્યા ઘટી રહી છે, જે આંકડો ૩૫,૧૬,૯૯૭ થઈ ગયો છે. હાલ કર્ણાટકા કોરોનાનું હોટસ્પોટ બનેલું છે કે જ્યાં સૌથી વધારે કોરોનાના ૬,૦૦,૧૬૮ એક્ટિવ કેસ છે જ્યારે બીજા નંબર પર મહારાષ્ટ્ર છે.

## ડીઆરડીઓની એન્ટી કોવિડ દવા ૨-ડીજી લોન્ચ કરાઈ

**રડીઓક્સી ડી-ગ્લુકોઝ દવાને INMAS દ્વારા હૈદરાબાદની ડોક્ટર રેડ્ડી લેબની સાથે મળીને તૈયાર કરાઈ**

નવી દિલ્હી, તા. ૧૭

કોરોના સામેના જંગમાં નિર્ણાયક ભૂમિકા ભજવવા માટે ડીઆરડીઓ તરફથી એન્ટી કોવિડ મેડિસિન ૨ ડીજી આજે લોન્ચ કરવામાં આવી. રક્ષામંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધન આજે આ દવાની પહેલી ખેપ રિલીઝ કરી.

ડીઆરડીઓના જણાવ્યાં મુજબ રડીઓક્સી ડી-ગ્લુકોઝ દવાને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂક્લિયર મેડિસિન એન્ડ એલાઈડ સાયન્સિસ (આઈએનએમએએસ) દ્વારા હૈદરાબાદની ડોક્ટર રેડ્ડી લેબની સાથે મળીને તૈયાર કરાઈ છે. હાલમાં જ ક્લિનિકલ ટ્રાયલમાં પાસ થયા બાદ ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) એ આ દવાને ઈમરજન્સી ઉપયોગ માટે મંજૂરી આપી હતી. કહેવાય છે કે આ દવાઓ સેશેટમાં ઉપલબ્ધ હશે. એટલે કે દર્દીએ તેને પાણીમાં ભેળવીને લેવી પડશે.

અધિકારીઓનું કહેવું છે કે ગ્લૂકોઝ પર આધારિત આ દવાના સેવનથી કોરોનાના દર્દીઓએ ઓક્સિજન પર વધુ નિર્ભર રહેવું પડશે નહીં. આ સાથે જ તેઓ જલદી સ્વસ્થ થશે.

### ભાવભીની અંજલિ



**સ્વ. નરેન્દ્રભાઈ એમ. શાહ**

जातस्य ही ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

આપના આત્માને પરમ શાંતિ માટે
પ્રાર્થના સહ ભાવભીની અંજલિ

લિ.
**સુમંગલમ્ ટ્રસ્ટ, ગાંધીનગર**

### ટેલિફોનીક બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
**નરેન્દ્રભાઇ મુળજીભાઈ શાહ**
ડિરેક્ટર - ગાંધીનગર નાગરિક કો.ઓપ બેંક લિમિટેડ.
પ્રમુખ - સાઈકૃપા સેવા ટ્રસ્ટ - સેક્ટર-૩ડી
મેનેજીંગ ટ્રસ્ટી - સુમંગલમ્ ટ્રસ્ટ, ગાંધીનગર
તા. ૧૭/૫/૨૦૨૧ ના રોજ દેવલોક પામ્યા છે.


વર્તમાન પરસ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલિફોનીક બેસણું રાખેલું છે.

**બેસણું (ગાંધીનગર)**
તારીખ : ૨૩/૫/૨૦૨૧ને રવિવારે, સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી.

ગં.સ્વ. મુદિતા બેન નરેન્દ્રભાઇ શાહ - ૬૩૫૯૬૬૨૧૨૬
કલ્પેશ નરેન્દ્રભાઇ શાહ (પુત્ર) - ૯૮૨૫૭૪૨૧૨૬
કામાક્ષી કલ્પેશ શાહ (પુત્રવધુ) - +૪૪૭૮૪૬૨૫૮૧૨૨
ડો. કેના હિતેન્દ્રકુમાર પટેલ (દીકરી) - ૭૩૮૩૦૫૩૭૦૫
ડો. દ્રષ્ટિ અતીતકુમાર સોની (દીકરી) - ૯૪૨૮૧૩૦૩૦૪

### પ્રથમ માસિક પુણ્યતિથિ





**સ્વ. કનુભાઈ શીવલાલ શાહ**

જન્મ તારીખ : ૩-૯-૧૯૪૬ શ્રીજીચરણ : ૧૮-૪-૨૦૨૧

કરૂણા જેના હૃદયમાં હતી, પરોપકાર જેના પગલામાં હતો,
કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી
એવો જેમનો જીવન મંત્ર હતો.
એવા પુણ્ય આત્માને પરિવારની ભાવભરી શ્રદ્ધાંજલિ

શીલાબેન કનુભાઈ શાહ

| | |
|---|---|
| રાકેશ કનુભાઈ શાહ | શેતલ કનુભાઈ શાહ |
| નીકિતા રાકેશભાઈ શાહ | સોનલ શેતલભાઈ શાહ |
| કુશ રાકેશ શાહ | ધૈર્ય શેતલ શાહ |
| નીલ રાકેશ શાહ | મીત શેતલ શાહ |

ફર્મ : શ્રી વિનય ટ્રેડર્સ (અંબુજા સિમેન્ટ), ગાંધીનગર

